અપીલ અરજી નં.૨૮૨ તા. ૯–૧૨ –૧૦/૧૧

ફોન નં. ૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ – શ્રી કલ્પેશ દલપત ભાઈ પટેલ
સામાવાળાઃ– (૧)કાર્યપાલક ઈજનેર અને જાહેરમાહિતી અધિકારી અઠવાઝોન ,
(૨)ડે.કમિ.(પી એન્ડ ડી)અને જાહેર માહિતી અધિકારી શહેરવિકાસ,

**ફરીયાદની હકીકતઃ–**

**વિષય :**– આરટીઆઈ એકટ હેઠળ શ્રી કલ્પેશ દલપતભાઈ પટેલની તા.૮–૧૦–૧૦ ની અરજીથી (૧) મોજે અલથાણનાં સર્વે નં.૫૪/૨ + ૩૭ નાં બ્લોક નં.૬૫, ટી.પી. સ્કીમ નં.૨૮, જેનો જુનો ફા.પ્લોટ નં.૧૦૮ તેમજ હાલમાં ફાળવેલ ફા.પ્લોટ નં.૪૦ તથા ૪૧ માં ગેરકાયદે બાંધકામની વિગતો આપવા બાબત. (૨) મજકુર જમીનમાં કેટલા બાંધકામના પ્લાન મંજુર થયા છે તેની માહિતી આપો. વિ. મુદ્દા નં.૧ થી ૬ની માહિતી આપવા બાબત.

**સંદર્ભ :**– અરજદાર મજકુરની તા.૯–૧૨–૧૦ ની **SMC/FAP/** નં.૨૮૨/૨૦૧૦–૧૧

શ્રી કલ્પેશ દલપતભાઈ પટેલની તા.૮–૧૦–૧૦ ની અરજીથી (૧) મોજે અલથાણનાં સર્વે નં.૫૪/૨ + ૩૭ નાં બ્લોક નં.૬૫, ટી.પી. સ્કીમ નં.૨૮, જેનો જુનો ફા.પ્લોટ નં.૧૦૮ તેમજ હાલમાં ફાળવેલ ફા.પ્લોટ નં.૪૦ તથા ૪૧ માં ગેરકાયદે બાંધકામની વિગતો આપવા બાબત. (૨) મજકુર જમીનમાં કેટલા બાંધકામના પ્લાન મંજુર થયા છે તેની માહિતી આપો. વિ. મુદ્દા નં.૧ થી ૬ ની માહિતી આપવા બાબતે નિયત સમયઅવધિમાં પ્રતિભાવ કે માહિતી નહી મળ્યાનું જણાવી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૯–૧૨–૧૦ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતા સહ તેમનો પક્ષ રજુ કરવા અત્રેથી પત્ર નં. આરટીઆઈ સેલ /૧૦૬૧ તા.૧૬/૧૨/૧૦ થી કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી અઠવાઝોન ને પત્ર પાઠવામાં આવેલ જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી અઠવાઝોન તરફથી પત્ર નં. સા.વે.ઝોન અઠવા /આરટીઆઈ /આ. નં.૧૧૩૮ તા.૨૯/૧૨/૧૦ થી પુરક વિગતોમાં નોંધ વિભાગ ,અરજદાર ની મૂળ અરજી ની વિગત , અરજી અંશતઃ ટ્રાન્સફર કર્યા અંગેના પત્ર નં. સા.વે ઝોન અઠવા આરટીઆઈ આ.નં. ૭૭૭ તા.૧૩/૧૦/૧૦ ના પત્રની નકલ તથા યુપીસી કર્યા અંગેના પુરાવાની નકલ અરજદારને અંશતઃ માહિતી આપ્યા અંગેના પત્ર નં. ટી.ડી.ઓ .૩૪૩૯ તા.૨૭/૧૦/૧૦ ના પત્રની નકલ તથા અરજદારને અઠવાઝોન તરફથી અંશતઃ માહિતી પૂરી પાડેલ, પત્ર નં. સા.વે.ઝોન અઠવા આરટીઆઈ આ.૮૭૧ તા.૧/૧૧/૧૦ ના પત્રની નકલ તથા યુપીસી કર્યાના પુરાવાની નકલ , અત્રે મળેલ છે.

અરજદારની તા. ૮/૧૦/૧૦ ની અરજીથી (૧) મોજે અલથાણનાં સર્વે નં.૫૪/૨ + ૩૭ નાં બ્લોક નં.૬૫, ટી.પી. સ્કીમ નં.૨૮, જેનો જુનો ફા.પ્લોટ નં.૧૦૮ તેમજ હાલમાં ફાળવેલ ફા.પ્લોટ નં.૪૦ તથા ૪૧ માં ગેરકાયદે બાંધકામની વિગતો આપવા બાબતે મુદ્દા નં. ૧થી ૬ ની માહિતી માંગતી અરજી જાહેર માહિતી અધિકારી અઠવાઝોનને કરવામા આવેલ જેના સંદર્ભે જાહેરમાહિતી અધિકારી અઠવાઝોન તરફથી પત્ર નં. સા.વે.ઝોન અઠવા આરટીઆઈ આ.નં. ૭૭૭ તા.૧૩/૧૦/૧૦ થી ટાઉન પ્લાનર શ્રી મધ્યસ્થ શહેરવિકાસને અરજદારની જાણ હેઠળ તબદીલ કરવામાં આવેલ જે બાબતે અરજદારે માહિતી મળી નથી કે તે અંગેનો કોઈ પ્રતિભાવ મળ્યો નથી એવુ જણાવી તા.૯/૧૨/૧૦ ના રોજ અપીલ અરજી કરેલ છે. જેમા અરજદારે મૂળ અરજી ના ૬ મુદ્દા ઉપરાંત મુદ્દાનં.૭ અપીલ અરજીમાં અલાયદો પશ્ન સદર " વનીતા રેસીડન્સી સોસા." મા બંગલાઓની ફરતે બનાવવામા આવેલ કંમ્પાઉન્ડ હોલ કાયદેસર છે કે કેમ? જો ન હોય તો કયા કયા બંગલાની ગેરકાયદેસર છે જે અંગે કયા પગલા લીધા છે. તેવું જણાવી નારાજગી સબબ અપીલ કરેલ. અરજદારની મુળ અરજીના અનુસંધાને જાહેર માહિતી અધિકારી શહેર વિકાસ વિભાગ તરફથી પત્ર નં. ટી.ડી.ઓ ૩૪૩૯ તા.૨૭/૧૦/૧૦ થી અરજદારને મુદ્દા નં. ૨–૩–૬ અંગે માહિતી આપવામા આવેલ છે જયારે જાહેર માહિતી અધિકારી અઠવા ઝોન તરફથી મુદ્દા નં. ૧થી ૬ ની માહિતી પૂરી પાડવામાં આવેલ છે.જેમા મુદ્દા નં.( ૧ ) મોજે અલથાણનાં સર્વે નં.૫૪/૨ + ૩૭ નાં બ્લોક નં.૬૫, ટી.પી. સ્કીમ નં.૨૮, જેનો જુનો ફા.પ્લોટ નં.૧૦૮ તેમજ હાલમાં ફાળવેલ ફા.પ્લોટ નં.૪૦ તથા ૪૧ માં ગેરકાયદે બાંધકામની વિગતો આપવા બાબતે જાહેર માહિતી અધિકારી અઠવાઝોન તરફથી સદર પ્રશ્ન અન્વયે પ્રશ્નવાળી જમીનમાં હાલમા સાત(૭) બાંધકામ થયા અંગેના રેકર્ડ ઉપર ઉપલબ્ધ છે. (૨) મજકુર જમીનમાં કેટલા બાંધકામના પ્લાન મંજુર થયા છે તેની માહિતી આપો. તેવા પ્રશ્ન બાબતે મુદ્દા નં. ૨ અને ૬અંગે જાહેર માહિતી અધિકારી અઠવા ઝોન તરફથી સદર પ્રશ્નવાળી જમીનમા સા.વે. ઝોન અઠવા ધ્વારા બે (૨) પ્લાન મંજુર થયેલ છે. જેની વિગત ૧ સા.વે.અઠવા ઝોન આ.નં. ૫૮૭૫ તા.૩૦/૧૧/૨૦૦૬ સબપ્લોટ નં. ૧૦૯ પૈકી ૨ સા.વે.અઠવા ઝોન આ.નં.૫૮૭૫ તા.૩૦/૧૧/૦૬ પ્લોટ નં.સી/૧ ની માહિતી આપેલ છે તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી શહેર વિકાસ તરફથી સદર જમીનમા બે રેસીડન્સ હેતુ માટેના ૩૦ બંગલાના બાંધકામ તથા ૬ રેસીડન્સ હાઈરાઈઝ બિલ્ડીંગના બાંધકામો મંજુર થયેલ છે. તેવુ જણાવેલ છે. મુદ્દા નં. (૩) મજકુર જમીનમા જે લેટેસ્ટ મંજુર પ્લાન વિરુધ્ધ કેટલા પ્લોટોમા બાંધકામ થયેલ છે તેની માહિતી આપો તેવા પ્રશ્ન બાબતે જણાવેલ વિગતો મુજબની માહિતી અઠવા ઝોનના રેકર્ડ ઉપર ઉપલબ્ધ નથી તેવું જણાવેલ છે.તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી શહેરવિકાસ તરફથી સબ પ્લોટ નં.૨ નો મંજુર થયેલ હાઈરાઈઝ બિલ્ડીગોના બાંધકામ શરૂ થયેલ નથી .તેવુ જણાવેલ છે. મુદ્દા નં.(૪) મજકુર જમીનમા કેટલું બાંધકામ મંજુર પ્લાન વિરુધ્ધ છે તેની વિગતો આપવી તેવા પ્રશ્ન બાબતે જણાવેલ વિગતો મુજબની માહિતી અઠવા ઝોનના રેકર્ડ ઉપર ઉપલબ્ધ નથી તેવું જણાવેલ છે. મુદ્દા નં.(૫) મજકુર જમીનમા જો પ્લાન વિરુધ્ધ

બાંધકામ અંગે કયા પગલા લીધા તેની વિગત આપો તેવા પ્રશ્ન બાબતે જણાવેલ વિગતો મુજબની માહિતી અઠવા ઝોનના રેકર્ડ ઉપર ઉપલબ્ધ નથી તેવું જણાવેલ છે. મુદ્દા નં.(૬)મજકુર જમીનમા મંજુર પ્લાનની વિગત તથા તે કાયદેસર મંજુર કરવામા આવેલ છે કે કેમ તેની માહિતી આપો. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી અઠવા ઝોન તરફથી મુદ્દા નં. ૨ ની માહિતીમા સમાવેશ થયેલ છે.તેવા પ્રશ્ન બાબતે જાહેરમાહિતી અધિકારી મધ્યસ્થ શહેરવિકાસ તરફથી મજકુર જમીનમાં છેલ્લે બે ભાગલા કરી તે પૈકીના એક ભાગલામાં રેસીડન્ટ લેઆઉટ તથા બીજા ભાગલામાં રેસીડન્ટ હાઈરાઈઝ બિલ્ડીંગના બાંધકામના પ્લાન તા.૮/૭/૦૮ ના પત્ર નં. ટીડીઓ/ડીપી/નં.૭૮ થી મંજુર થયેલ છે. સદર મંજુર પ્લાનની નકલ નંગ–૧૧ રૂા.૯૬૦/– (અંકે રૂપિયા નવસો સાંઠ પૂરા) ભરપાઈ કર્યેથી પ્લાનની નકલ આપવાની કાર્યવાહી હાથ ધરવામાં આવશે તેવું જણાવેલ છે. આમ બંને જાહેર માહિતી અધિકારીઓ તરફથી અરજદારની મુળ અરજીના પરિપ્રેક્ષ્યમાં માહિતી પૂરી પાડવામાં આવેલ છે. પરંતુ અરજદારે મુળ અરજીમાં નકલોની માંગણી કરેલ નથી તેમ છતાં જાહેર માહિતી અધિકારીએ માહિતી સંદર્ભે નકલો મેળવવા જણાવેલ છે જે અરજદાર ઈચ્છુક હોય તો જાહેર માહિતી અધિકારીએ નિર્દિષ્ટ કરેલ નાણા ભરપાઈ કરીને પ્લાનની નકલ મેળવી શકે છે. અરજદારે અપીલના મુદ્દા નં. ૭ નો પ્રશ્ન મુળ અરજીથી અપીલ તબકકે અલાયદો ઉપસ્થિત કરેલ છે. જે અંગે અરજદાર કાયદાના નિતિ નિમોનુસાર લાગત જાહેર માહિતી અધિકારીએ અલાયદી અરજી કરી માહિતી મેળવી શકે છે.

## હુકમ

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૮–૧૦–૧૦ ની અરજીથી માંગેલ માહિતી જાહેર માહિતી અધિકારી તરફથી અરજદારને પુરી પાડેલ હોય અપીલ અંગે કોઈ વિશેષ હુકમ કરવાનો રહેતો નથી અને અરજી દફતરે કરવામા આવે છે. તેમ છતાં અરજદાર ઈચ્છુક હોય તો જાહેર માહિતી અધિકારી મધ્યસ્થ શહેર વિકાસ તરફથી પત્રમાં નિર્દિષ્ટ કરેલ રકમ મુજબ નાણા ભરપાઈ કરી પ્લાનની નકલ મેળવવા સ્વતંત્ર છે. તેમજ અરજદારે અપીલ તબકકે મુળ અરજીથી અલાયદા મુદ્દા નં.૭ ના પ્રશ્ન અંગે કાયદા અને નિતિ નિયમ મુજબ લાગત જાહેર માહિતી અધિકારીને અલાયદી અરજી કરી માહિતી મેળવવા સ્વતંત્ર છે.

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૧–૧૧

ડે.કમિશ્નર (સ્પે.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

પ્રતિ,
(૧) )કાર્યપાલક ઈજનેર અને જાહેરમાહિતી અધિકારી અઠવાઝોન , ડે.કમિ.(પી એન્ડ ડી)અને જાહેર માહિતી અધિકારી શહેરવિકાસ,.જાણ તથા અમલ માટે .
(૨) શ્રી કલ્પેશ દલપત ભાઈ પટેલ